| PUBLICATION NAME : | Dhabkar |
|---|---|
| EDITION : | Surat |
| DATE : | 15/05/2022 |
| PAGE : | 6 |

# આશરે ૮૮ ટકા કલાકારો બજાર સાથે લઘુતમ જોડાણને કારણે ટકી રહેવા સંઘર્ષ કરે છે

અમદાવાદ, ૧૧ મે: iNDEXT-C સાથે જોડાણમાં ઈડીઆઈઆઈ હસ્તકલા સેતુ યોજના અંતર્ગત કલાકારો (રાજ્ય સરકારના એવોર્ડવિજેતા) માટે એક દિવસનો કૌશલ્ય વિકાસ કાર્યક્રમનું આયોજન કર્યું હતું, જેની શરૂઆત વર્ષ ૨૦૨૦માં થઈ હતી. હસ્તકલા પ્રોજેક્ટમાં પૂરક આ એક-દિવસીય કાર્યક્રમનો ઉદ્દેશ કલાકારોની કુશળતા વધારવા અને માહિતીની અસમાનતા દૂર કરવા માટે સેતુરૂપ બનવાનો હતો, જેથી તેઓ બજારના પ્રવાહો અને માગને સુસંગત રીતે કામ કરી શકે છે.

હસ્તકલા સેતુ યોજના માટે અમલીકરણ સંસ્થા આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, અમદાવાદ છે. આ પ્રોજેક્ટ કમિશનરેટ ઓફ કોટેજ એન્ડ રુરલ ઈન્ડસ્ટ્રીઝ (સીસીઆરઆઈ), ગુજરાત સરકારનો ટેકો ધરાવે છે. હસ્તકલા સેતુ યોજના માટે અમલીકરણ સંસ્થા તરીકે ઈડીઆઈઆઈ ગુજરાતના ગ્રામીણ અને કુટિર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા ઉદ્યોગસાહસિકતાનું એક સંપૂર્ણ વ્યવસ્થાતંત્ર વિકસાવવા પ્રયત્નશીલ છે. પ્રયોગજન્ય કે અનુભવજન્ય અનુભવો પરથી જાણકારી મળી છે કે, આશરે ૮૮ ટકાથી વધારે કલાકારો વિશિષ્ટ કુશળતા હોવા છતાં તેમને બજારમાં ટકી રહેવા માટે સંઘર્ષ કરવો પડે છે.